# સંપાદકીય

## મગફળી ગોદામોમાં આગ :જવાબદારો દંડાવા જોઈએ

ગુજરાતમાં મગફળી અને કપાસની ખરીદી પર સરકારે ખેડૂતોને ટેકો કર્યો પણ ખરીદીમાં ગોલમાલ થઇ અને હવે મગફળી જે ગોડાઉનમાં રાખવામાં આવી છે ત્યાં એક પછી એક આગ લાગવાની ઘટના બનવા લાગી છે. એ એટલી હદે શંકાસ્પદ છે કે એમાં કૌભાંડની બૂ આવે છે. સરકારે આ મુદ્દે ઊંડાણભરી તપાસ કરાવવી જરૂરી છે અને જવાબદારોને દંડવા પડશે. પણ હજુ સુધી એ દિશામાં કોઈ ઠોસ પગલાં લેવાયાં હોય એમ લાગતું નથી. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વેળા ખેડૂતોને રાજી કરવા માટે બોનસ સાથે કપાસ અને મગફળી ખરીદવાની સરકારે જાહેરાત કરી, એ આવકાર્ય હતી. મગફળીની ખરીદીની વાત કરીએ તો રૂા. ૩૭૦૦ કરોડની ખરીદી થઈ છે અને એ અત્યારે ગોડાઉનમાં સંગ્રહવામાં આવી છે, પણ એક પછી એક ગોડાઉનમાં આગ લાગવા લાગી છે. એ પહેલાં ખરીદીમાં પણ ગોલમાલ થઇ હોવાનું બહાર આવ્યું જ હતું. કારણ કે, ઘણી જગ્યાએ એવું જણાયું કે, મગફળી સાથે ધૂળના ઢેફા ભરી દેવાયા હતા. એ મુદ્દે કોઈને આજ સુધી દંડવામાં આવ્યા નથી અને એમાં કેટલીક મંડળીઓ અને રાજકારણીઓની સંડોવણી હોવાની વાત ખુલ્લેઆમ ચર્ચાય છે પણ એ દિશામાં સરકારે કોઈ કાર્યવાહી કરી હોય એવું આજ સુધી જણાયું નથી અને હવે ગોડાઉનમાં આગ લાગવાના બનાવો વધ્યા છે. શરૂઆત ગોંડલનાં ગોડાઉનથી થઇ. ત્યાં ૩૨ કરોડની મગફળી સંગ્રહવામાં આવી હતી. એ પછી ગાંધીધામમાં ઘટના બની ત્યાં ૧૨ કરોડની મગફળી સળગી ગઈ. હાપામાં ૧૬ લાખની અને રાજકોટ માર્કેટ યાર્ડમાં ૧૮ કરોડનું નુકસાન થયું અને હવે શાપરમાં આગ લાગી છે અને એમાં ૩.૭૫ કરોડની મગફળીનો મામલો છે. કચ્છ પણ આવી ઘટનાથી અછૂતું નથી રહ્યું. ગાંધીધામની ભાગોળે આવેલા કિડાણાના ખાનગી ગોદામમાં લાગેલી આગમાં ૬૩ હજારથી વધુ મગફળીની બોરીઓ સળગીને રાખ થઇ ગઇ હતી. જેની અંદાજિત કિંમત ૭ કરોડની લગાવાઇ છે. આ ઘટના શોર્ટસર્કિટનાં કારણે નહોતી લાગી એ જાહેર થતાં જ માનવસર્જિત હોવાનું બહાર આવી રહ્યું છે. એટલે તેમાં કાંઇ કાવતરાંની ગંધ આવે એ સ્વાભાવિક છે. આગ લાગવાની ઘટનાઓ અનેક શંકાઓ પેદા કરે છે, કારણ કે નાફેડ અને ગુજકેટ દ્વારા મગફળીની ખરીદી થઇ હતી અને ખરીદી બાદ નિયમ મુજબ જે ગોડાઉનમાં સગવડો હોય ત્યાં એનો સંગ્રહ કરવો જોઈએ, પણ એવું થયું નથી. કુલ ૨૨ ગોડાઉનમાં મગફળીનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

પણ મોટાભાગના ગોડાઉનમાં નિયમ મુજબની વ્યવસ્થા ન હોવાનું જણાયું છે. એમાંય જે ગોડાઉનમાં આગ લાગી છે એમાં તો પૂરતી વ્યવસ્થાનો જ અભાવ જણાયો છે. સીસી ટીવી કેમેરા નહોતા ને પૂરતી સલામતી વ્યવસ્થા પણ નહોતી. કોંગ્રેસે આ મુદ્દે મોટા કૌભાંડનાં આક્ષેપો કર્યા છે અને સરકાર કહે છે, અમને બદનામ કરવાનું આ કાવતરું છે. સરકારે સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપી છે અને આશા છે કે તપાસ છેક મૂળ સુધી થશે અને જવાબદારો જે કોઈપણ હોય એમને દંડવામાં આવશે. આવું જ દુષ્કાળનાં વર્ષોમાં મૂંગાં ઢોરો માટે ખરીદાતા ઘાસ સાથે થાય છે. આવાં સૂકાં ઘાસ તેમના મોઢે પહોંચે તે પહેલાં આગને હવાલે થઇ જાય છે, તેની તપાસ થતી નથી અને શોર્ટ સર્કિટ જેવાં કારણો આપી દેવાય છે. શું રૂપિયાની લ્હાયમાં આપણે એટલા બધા નિષ્ઠુર થઇ જઇએ છીએ કે મગફળી કે ઘાસ જેવી જરૂરી ચીજોને પણ બાળી નાખતા અચકાતા નથી ? ખાસ કરીને આપણો દેશ જીવો અને જીવવા દોની નીતિમાં માને છે. સખત મહેનત કરી મગફળી ઉગાડતા ખેડૂતોને પૂરતી આવક થાય તેવા હેતુથી જ સરકાર તેમનાં ઉત્પાદન ખરીદે છે, તો પછી આવું શા માટે? એ જ રીતે મૂંગાં ઢોર કોઈને ફરિયાદ નથી કરવાના તો શું તેમને ભૂખ્યા રાખવાના? હવે સરકારે કડક બનીને આવાં તત્ત્વોને જેર કરવા જ પડશે.

## વરવી ચૂંટણી પ્રક્રિયા

ચૂંટણી પંચે કર્ણાટકના રાજરાજેશ્વરી વિધાનસભા ક્ષેત્રમાં મતદાન સ્થગિત કરીને બિલકુલ યોગ્ય કર્યું. આ એ જ વિધાનસભા ક્ષેત્ર છે, જયાંના એક ઘરમાં લગભગ દસ હજાર મતદાતા ઓળખ પત્ર મળી આવ્યા હતા. ચૂંટણી પંચને આ વિસ્તારમાં મતદાન કરાવતાં પહેલાં તેના મૂળ સુધી જવું જોઈએ કે આટલી મોટી સંખ્યામાં મતદાર ઓળખ પત્ર કયા હેતુથી અને કોણે એકઠાં કર્યાં? આ એટલા માટે જરૂરી છે, કારણ કે કોઈ નેક ઈરાદાથી તો આટલી મોટી સંખ્યામાં મતદાર ઓળખ પત્ર એકઠાં કરવામાં આવ્યાં નહીં હોય. આ મતદાર ઓળખપત્રો મુદ્દે ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ એકબીજા પર આરોપ તો ખૂબ કર્યા, પરંતુ હજુ સુધી ખબર નથી પડી કે કોણ સાચું છે ને કોણ ખોટું? નિ:સંદેહ ચૂંટણી પંચ માટે એ જાણવું જરૂરી છે કે આ મતદાર ઓળખપત્રો દ્વારા કેવા પ્રકારનું કારનામું કરવાનો ઈરાદો હતો. આ મતદાર ઓળખ પત્ર કાં તો છળકપટથી ચૂંટણી જીતવાની કોશિશ દર્શાવે છે કે પછી કોઈ અન્ય કરતૂત તરફ સંકેત કરી રહ્યા છે. આ મામલે તેની અવગણના ન કરી શકાય કે ચૂંટણી પંચની તમામ સક્રિયતા છતાં યેનકેન પ્રકારે ચૂંટણી જીતવાની પ્રવૃત્તિ પર લગામ લાગતી નથી દેખાતી. ભલે સમય સાથે મતદારોને ડરાવવા-ધમકાવવા અને બૂથ લૂંટવા જેવા કામ બંધ થઈ ગયા હોય, પરંતુ તેમનું સ્થાન કેટલીક નવી અને ખરાબ રીતભાતોએ લઈ લીધું છે. છેલ્લા કેટલાક સમયથી મતદારોને પ્રલોભન આપીને અને ત્યાં સુધી કે તેમને સીધેસીધા પૈસા આપીને ચૂંટણી જીતવાની કોશિશ કંઈક વધારે જ વધી ગઈ છે.

પ્રત્યેક ચૂંટણી દરમ્યાન તમામ એવા ઉમેદવારો જોવા મળે છે, જે રાતોરાત પૈસા વહેંચીને ચૂંટણી જીતવાની કોશિશ કરે છે. તેનું પ્રમાણ એ છે કે છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી દરમ્યાન મતદારોને વહેંચવાના ઈરાદે એકત્ર કરાતા નાણાં એકત્રિત કરાતા પૈસાનો સિલસિલો વેગવાન બન્યો છે. એ કહેવું કઠિન છે કે ચૂંટણી પંચ એ બધા પૈસા જપ્ત કરી લેતું હશે, જે મતદારોને વહેંચવાના ઈરાદે આમ-તેમ લઈ જવાતા હોય છે. ચૂંટણી પંચે કર્ણાટકમાં પણ ૧૨૫ કરોડ રૂપિયાની રોકડ સાથે ઝવેરાત, શરાબ વગેરે ઝડપ્યાં છે. ચૂંટણી પ્રક્રિયા કઈ રીતે પ્રદૂષિત થતી જાય છે, તેની સાક્ષી પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ પણ પૂરી રહી છે.

સૌથી આશ્ચર્યની અને ચિંતાની વાત એ છે કે પંચાયત ચૂંટણી જીતવા માટે ખુદ રાજય સરકાર પણ દરેક પ્રકારના છળકપટનો સહારો લઈ રહી છે. કહેવું મુશ્કેલ છે કે ન્યાયપાલિકાના હસ્તક્ષેપથી પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી સાફસૂથરી રીતે થઈ શકશે. જેવું પશ્ચિમ બંગાળની પંચાયત ચૂંટણીઓ અને કર્ણાટકની વિધાનસભા ચૂંટણીઓમાં જોવા મળી રહ્યું છે, એવું જ પહેલાં પણ જોવા મળ્યું છે. એ કોઈ શુભ સંકેત નથી કે નેતાગણ ખોટી રીતે ચૂંટણી જીતવામાં કોઈપણ સીમા સુધી જવા તૈયાર દેખાય છે. એવી સ્થિતિમાં મતદારોને પોતાના વોટનો ઉપયોગ સમજદારી સાથે કરવા પ્રત્યે ક્યાંય વધુ સચેત રહેવું પડશે. જો આ સતર્કતા ન રાખવામાં આવી તો છળકપટથી ચૂંટણી જીતનારા લોકતંત્રને નષ્ટ-ભ્રષ્ટ કરવાનું જ કામ કરશે.

# કર્ણાટક : ત્રીજા મોરચાના રાજકીય ગણિતનું પ્લેટફોર્મ




કર્ણાટકમાં અત્યાર સુધીમાં જાહેર થયેલા દરેક સર્વેમાં કૉન્ગ્રેસને સૌથી વધુ બેઠકો મળનાર હોવાનું જાહેર થયું છે. કૉન્ગ્રેસને જો કર્ણાટક વિધાનસભામાં સારી સફળતા મળશે તો એ પછી રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢની વિધાનસભાઓની ચૂંટણીમાં વિજય મળવાની શક્યતા નજરે પડી રહી છે અને એ સ્થિતિમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૧૫૦ પ્લસ બેઠકો મુશ્કેલ નથી. ૨૦૦૪ની લોકસભાની ચૂંટણી આનું ઉદાહરણ છે. એ સમયે તો અટલબિહારી વાજપેયીની સરકારની ઈમેજ અત્યારની નરેન્દ્ર મોદીની સરકાર કરતાં ઘણી સારી હતી. એટલે તો ભાજપના નેતાઓએ લોકસભાની ચૂંટણી મુદત પહેલાં યોજી હતી અને ઈન્ડિયા શાઈનિંગનું સૂત્ર આપ્યું હતું. આ બાજુ કૉન્ગ્રેસમાં સોનિયા ગાંધીની ઈમેજ અને આવડત વિશે પ્રશ્નો હતા. એક તો વિદેશી, હિન્દી બોલતાં આવડે નહી. વાંચીને ભાષણ કરે. ભારતના સામાજિક-રાજકીય વાસ્તવનું બહુ ઓછું જ્ઞાન અને પરાણે રાજકારણમાં પ્રવેશીને કૉન્ગસનું નેતૃત્વ કરનારાં સોનિયા ગાંધી કૉન્ગ્રેસને સૌથી મોટા પક્ષ તરીકે બહુમતી અપાવી શકે એવી કોઈ શક્યતા નજરે પડતી નહોતી. એટલે તો એ સમયના નાયબ વડા પ્રધાન અને સંભવત: વાજપેયીના અનુગામી વડા પ્રધાન લાલ કૃષ્ણ અડવાણીએ કૉન્ગ્રેસની અક્ષરશ: દયા ખાતાં કહ્યું હતું કે જુઓને લોકશાહી માટે દેશને એક મજબૂત વિરોધ પક્ષની જરૂર છે અને આ કૉન્ગ્રેસ બેઠી થઈ શકે એવા કોઈ આસાર નજરે પડતા નથી. પણ જે પરિણામ આવ્યાં એ ચોંકાવનારા હતાં.

કૉન્ગ્રેસને લોકસભામાં ૧૪૫ બેઠકો મળી હતી અને ડૉ. મનમોહન સિંહની સરકાર રચાઈ હતી. એક વાત મહત્વની છે કે ૧૯૯૯ની લોકસભામાં કૉન્ગ્રેસની ૧૧૪ બેઠકો હતી અને કુલ મતમાં વધારો થવાની જગ્યાએ ૧.૬ ટકા મતનો ઘટાડો થયો હતો. એ સમયે ભાજપને મળેલા મતમાં પણ એટલો જ ઘટાડો થયો હતો, પરંતુ એને મળેલી બેઠકોમાં ૪૪ બેઠકોનો ઘટાડો થયો હતો. આ ફરકનું કારણ એ છે કે ૧૯૯૯માં કૉન્ગ્રેસે યુપીએ નામનો મોરચો નહોતો રચ્યો અને ૨૦૦૪માં સોનિયા ગાંધીએ કૉન્ગ્રેસની મર્યાદા સ્વીકારીને એનડીએ સામે યુપીએના મોરચાની રચના કરી હતી. ૧.૬ ટકાનો મતોમાં ઘટાડો થયો હોવા છતાં બેઠકોમાં ૩૧નો વધારો થયો એ મોરચાનું પરિણામ હતું. આમ કૉન્ગ્રેસ જરૂર પુર્નજીવિત થઈ શકે, પરંતુ ૧૧૪થી ૧૪૫ પર પહોંચવું અને ૪૫થી ૧૫૦ સુધી પહોંચવું એમાં બહુ મોટો ફરક છે. સો કરતાં વધુ બેઠકોની મજલ કાપવાની છે અને એ આસાન નથી. યુપીએ અત્યારે લગભગ અસ્તિત્વહીન છે. યુપીએના જૂના ભાગીદારો અત્યારે ત્રીજો મોરચો રચવાની વેતરણમાં છે. ગેરબીજેપી-ગેરકોંગ્રેસી રાજકીય પક્ષો કૉન્ગ્રેસ કર્ણાટકમાં કેવો દેખાવ કરે છે એ જોઈને આગળની રણનીતિ નક્કી કરશે. આ વરસના અંત સુધીમાં કર્ણાટક અને એ પછી રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ કોંગ્રેસનું ભાવિ નક્કી કરી આપશે. જો એમાં કોંગ્રેસને સફળતા મળશે તો યુપીએ આકાર પામી શકે છે અને જો નિષ્ફળતા મળશે તો વિરોધ પક્ષો ત્રીજા મોરચાનો રસ્તો જ અપનાવશે. જો કર્ણાટકમાં ભાજપનો પરાજય થશે તો કદાચ લોકસભાની ચૂંટણી વહેલી યોજવામાં આવે અને એની સાથે રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડની વિધાનસભાઓની ચૂંટણી પણ યોજવામાં આવે. આને કારણે રાજ્યોનો માર લોકસભાની ચૂંટણી પર ન પડે એવી ગણતરી હોઈ શકે.

# અંગ્રેજી નામો સામે ’રેવા’ જેવી ફિલ્મો દ્વારા ગુજરાતી ફિલ્મોને ભરપૂર ’ઓક્સિજન’ પૂરો પડયો !

### ’રેવા’ સાથે રહ્યા પછી એમ થાય કે હવે સારી નવી ગુજરાતી ફિલ્મ ક્યારે આવશે. ’છેલ્લો દિવસ’ ફિલ્મ પણ અત્યારે શેમારું ફિલ્મ્સના ફેસબુક ઉપર આવી ગઈ છે તો આવી દરેક ગુજરાતી ફિલ્મની લિંક યુટયુબ પર ઉપલબ્ધ છે તો હવે મલ્ટીપ્લેક્સમાં પણ ગુજરાતી ફિલ્મો નિયમિત રજૂ થઇ જ રહી છે... આ સપ્તાહે ’ઓક્સિજન’ ફિલ્મ આવી છે.

કાશ્મીરી ’રાઝી’ ફિલ્મને ગુજરાતી ’૧૦૨ નોટ આઉટ’ ફિલ્મ કરતા બમણું ઓપનિંગ મળ્યું છે. આલિયા ભટ્ટ પ્રચારમાં એટલી માસ્ટર છે કે ફિલ્મ જોવા લોકો લલચાઈ જાય, પણ આ ’રાઝી’ ફિલ્મ માટે છેતરવાના ચાન્સ વધારે છે, ફિલ્મને પ્રથમ દિવસે સારું ૭ કરોડનું ઓપનિંગ મળ્યું છે તે સામે ’૧૦૨ નોટ આઉટ’ ૩.૫ કરોડના ઓપનિંગ સાથે આજે એક સપ્તાહ પછી ૩૦ કરોડના આંકડાને પર કરી ગઈ છે! તે ગૌરવની વાતમાં ’રાઝી’ કોઈ મોટો રેકોર્ડ બનાવે એવી શક્યતા નથી જ! આમ તો ૨૦૧૪ પછી કાશ્મીર આપણા સૌથી દૂર થતું જાય છે પણ જાણવા જેવી વાત એ છે કે કાશ્મીરમાં ફિલ્મના શૂટિંગ વધી રહ્યા છે! છેલ્લે સલમાન ખાન પણ ’રેસ ૩’ ફિલ્મના શૂટિંગ માટે કાશ્મીર રહી આવ્યો છે. પણ કાશ્મીર કોઈ ટુરિસ્ટ પ્લેસને બદલે યુદ્ધભૂમિ વધારે લાગે છે અને દરેક ફિલ્મમાં પણ કાશ્મીરથી દૂર રહેવાની જ વાત નીકળતી હોય એવું લાગે છે.

આલિયાની જેમ જ પ્રચારથી જ લોકપ્રિય એવા રણબીર કપૂરની પણ પ્રસંશા ખુબ થાય છે પણ ફિલ્મનો વકરો ૧૦૦ કરોડ સુધી જતો જ નથી. ત્યારે રણબીર કપૂરે સંજય દત્તની બાયોપિક કરીને કોઈ મોટી ધાડ મારી છે તેમ કહેવું વધારે લાગે છે. આજે સંજય દત્ત કરતા વધારે મહાન કાર્ય બોલીવુડમાં રાજ કપૂર સાથે કપૂર ખાનદાનના અનેક કલાકારોએ કર્યું છે, તેની સામે રણબીર એ સંજય દત્તની ફિલ્મ કરે કે જનો કાળો ઈતિહાસ છે અને કદાચ તેના માટે ખુદ પિતા સુનિલ દત્તને પણ અફસોસ હશે, ત્યારે રણબીર કપૂર જેવા લોકપ્રિય સ્ટાર ડુપ્લીકેટ સંજય દત્ત બને ત્યારે ’સઁજુ’ ફિલ્મ માટે અફસોસ થાય છે! રણબીર કપૂરનો પોતાનો લૂક એટલો લોકપ્રિય છે કે આજે યુવાનો રણબીરની નકલ કરે છે ત્યાં રણબીરને સંજય બનવાની જરૂર ન હતી. આ કામ તો સંજય દત્તના ખુબ સારા ડુપ્લીકેટ કરી શકતા હતા. રણબીર કપૂરે કોઈ કપૂર પરિવારના કલાકારની ભજવીને બાયોપિક બનાવવાનું શરૂ કરવાની જરૂર છે. બાકી સંજય પોતે પણ હયાત હોય ત્યારે તેને જેલની સજા બાદ પણ હીરો તરીકે સ્વીકારવાની વાત હજી પ્રેક્ષકોના ગળે ઉતરતી નથી અને એટલે જ ’સંજુ’ ફિલ્મના ટ્રેલરને ખાસ રિસ્પોન્સ મળ્યો નથી!

જો કોઈ હિન્દી ફિલ્મને ઓછો રિસ્પોન્સ મળે તો અંગ્રેજી ફિલ્મ એ સમયનો વકરો ખાઈ જાય છે આ વાતમાં ’એવેન્જર્સ’ ૨૦૦ કરી ગઈ છે છત્તા કોઈ ચિંતાનું કારણ નથી. કેમકે હજી આજે એક મહિના બાદ પણ ગુજરાતી ’રેવા’ ફિલ્મના બે શો રાખવામાં આવ્યા છે! દરેક ગુજરાતી માટે એ વાત મહત્વની છે કે જો તમે ’રેવા’ ફિલ્મ નથી જોઈ તો તમે ગુજરાતને સાચું ઓળખતા નથી એ નક્કી... ’રેવા’ ફિલ્મના દરેક સંવાદ એટલા ઉંચા દરજ્જાના છે કે દરેક પ્રેક્ષક એ ફિલ્મને બીજી વખત જોવા અચૂક જાય છે અને સાથે નવા જોડીદારને લઇ જઈ ગુજરાત પ્રવાસ અને નર્મદાની પરિક્રમા કરાવી જ દે છે. ’રેવા’ ફિલ્મના દરેક દશ્યનું ફિલ્માંકન અને કલાકારોના મેકઅપ, સંવાદની ભાવના અને ફિલ્મની વાર્તા દરેક દ્રશ્યમાં આગળ જ વધતી જાય એટલી મજબૂત સ્ક્રિપ્ટ કદાચ પ્રેક્ષકોએ આજ સુધી કોઈ ફિલ્મમાં જોઈ જ નહી હોય... ફિલ્મનો મુખ્ય અભિનેતા નવોદિત છે અને પ્રથમ ફિલ્મ હોવા છતાં પ્રેક્ષકોને સતત પોતાની સાથે જોડી રાખે છે ! ’રેવા’ ફિલ્મ સાથે આપણે લેખક ધ્રુવ ભટ્ટને કારણે જોડાયા તો ફિલ્મના પ્રેક્ષક તરીકે જીવનમાં ખરેખર એક શ્રેષ્ઠ ફિલ્મ જોયાનો સન્તોષ થાય છે!

’રેવા’ સાથે રહ્યા પછી એમ થાય કે હવે સારી નવી ગુજરાતી ફિલ્મ ક્યારે આવશે. ’છેલ્લો દિવસ’ ફિલ્મ પણ અત્યારે શેમારું ફિલ્મ્સના ફેસબુક ઉપર આવી ગઈ છે તો આવી દરેક ગુજરાતી ફિલ્મની લિંક યુટયુબ પર ઉપલબ્ધ છે તો હવે મલ્ટીપ્લેક્સમાં પણ ગુજરાતી ફિલ્મો નિયમિત રજૂ થઇ જ રહી છે... આ સપ્તાહે ’ઓક્સિજન’ ફિલ્મ આવી છે. અગાઉ રજૂ થયેલ ’ફેરફેરી હેરાફેરી’ ફિલ્મ પણ ત્રીજા સપ્તાહે ધૂમ મચાવી રહી છે. આ વાતમાં નવી ’ઓક્સિજન’ ફિલ્મની વાત કરીએ તો એક નોખી અનોખી ફિલ્મ એટલે " ઓક્સિજન "... સરસ વાર્તા, સરસ દિગ્દર્શન, અસરકારક ગીત અને કલાકારોનો મજબૂત અભિનય આ ફિલ્મને સફળ બનાવશે. યુવા કલાકાર અને હીરો અંશુલ, પરિપક્વ અભિનય. હિરોઈન વ્યોમા નંદી - કેનેડાની જબરજસ્ત ભાવવાહી છે. એની આંખો, ચહેરામાં અને નસે નસમાં અભિનય દેખાય છે. પીઢ અભિનેતા અરવિંદ વૈદ, અન્નપૂર્ણા શુક્લ, પઁકજ પાઠક, દર્શન જરીવાલા, ભરત ઠક્કર દિલ હચમચાવી જાય છે.એક સીન માટે પ્રલય રાવલ અને રક્ષા નાયક દિલને સ્પર્શી જાય છે. મરાઠી અભિનેત્રી રોહિણી હતગડી તો મનને રડાવી મૂકે છે. નાનામાં નાના પાત્રમાં યે કચાશ નથી. જશ ઠક્કર, યુવરાજ ગઢવી, પાગલ ધૈર્ય રાવલ, ગોર મહારાજ જય, બહેનનું પાત્ર , વિધવા યુવતી, પણ જોરદાર... કમલ જોશી, સુભાષ બ્રહ્મભટ્ટ, ડીકે, કલ્પેશ પટેલ, કમલ જોશી. દીપ્તિ જોશી, બધાનો ગમી જાય તેવો અભિનય.પાર્થ ભરત ઠક્કરનું સંગીત ... આ ફિલ્મ દર્શકોને ગમશે જ એવા અભિપ્રાય સાથે લેખક, દિગ્દર્શક ચિન્મય પુરોહિતની મહેનત રંગ લાવી છે! એટલે કલાકારોની આટલી મોટી ફોજ હોય ત્યારે ફિલ્મ માટે વિશ્વાસ અને ગૌરવ વધે જ !

ખેર ગુજરાતી ફિલ્મોની વાતના અંતે આવતા સપ્તાહની નવી ફિલ્મોની વાત કરીએ તો ૧૫ મેનાં સપ્તાહે ૬ હિન્દી ફિલ્મો રજૂ થનાર છે! જેમાં વિનય પાઠક અને મનોજ પાહવાની ’ખજૂર પે અટકે’ ફિલ્મ સિવાય કોઈની ચર્ચા નથી છત્તા નામ જાણવા જેવા છે. નવી ’ફેમસ’ ફિલ્મના કલાકારોની યાદીમાં જેકી શ્રોફ, જિમી શેરગિલ અને કે કે મેનન સાથે માહી ગિલ પણ છે, પણ ફિલ્મનો કોઈ જ પ્રચાર કરાયો નથી! બાકીની ફિલ્મોમાં ’હાઈ જેક’માં કલાકારોની મોટી ફોજ છે અને કોમેડી ફિલ્મ છે. સંજય મિશ્રાની ’અંગ્રેજીમે કહેતે હે’ છે તો ’રેડરમ’ અને ’વ્હેન ઓબામા લવ્ડ ઓસામા’ જેવી અંગ્રેજી નામવાળી હિન્દી ફિલ્મ રજૂ થવાની જાહેરાત કરાઈ છે! આવા અંગ્રેજી નામો સામે એક વાત માટે ગુજરાતી ફિલ્મ બનાવનારાઓને જ સલામ કરવી રહી કે જેમણે ’રેવા’ જેવી ફિલ્મો દ્વારા ગુજરાતી ફિલ્મોને ભરપૂર ’ઓક્સિજન’ પૂરો પડયો છે!

## ગુજરાત સરકારના પ્રશંસનીય નિર્ણય

૨૦૧૪માં નરેન્દ્ર મોદી જયારે ભાજપના વડા પ્રધાન પદના દાવેદાર તરીકે ઊભર્યા અને પછી વડા પ્રધાન બન્યા ત્યારથી ગુજરાતની ભાજપ સરકાર સાવ નકામી થઈ ગઈ હોય તેવી એક પ્રતીતિ થતી હતી. શરૂઆતમાં આનંદીબહેન અને પછી વિજય રૂપાણી મોદી જેવો કરીશ્મા કરી દેખાડવા તો દૂર પરંતુ મોદીની નજીક પણ ગણાય કે તુલના કરી શકાય એવા નિર્ણય લેવામાં પણ નિષ્ફળ ગયા હતા. ૨૦૧૭ની ચૂંટણી પછી ફરી પાછા મુખ્ય પ્રધાનપદે બિરાજમાન થયેલા વિજય રૂપાણી પણ કથિત રીતે જાણે મોવડીમંડળની કઠપૂતળી હોય તેમ સત્તા ટકાવી રાખવા માટેના ફાંફાં મારી રહ્યા હતા. કૉંગ્રેસના વિધાનસભ્યોના આંકડામાં થયેલો વધારો, પક્ષની અંદર જ સત્તા માટેની સાઠમારી વગેરેને કારણે પ્રજાલક્ષી કાર્યો અભેરાઈ પર મુકાઈ ગયા હોય તેમ લાગી રહ્યું હતું, પરંતુ છેલ્લા બે મહિનામાં ગુજરાતની ભાજપ સરકારે લીધેલા બે નિર્ણયો જોઈ એમ લાગી રહ્યું છે કે ભાજપ સરકારની ગુજરાત સરકારની ગાડી પાટે ચઢી ગઈ હોય. ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં અંગ્રેજી ભાષા એ રીતસર પ્રાદેશિક ભાષાઓ પર આક્રમણ કર્યું છે.

ગુજરાતી, હિન્દી, મરાઠી, જેવી અનેક ભાષાઓ આ આક્રમણનો ભોગ બની છે. આને ખાળવા માટે જે તે રાજયમાં દસમા સુધીના શિક્ષણમાં રાજયની ભાષા ફરજિયાત હોવી જોઈએ તેવી માગ અનેક વખત ઊઠી હતી, પરંતુ ગુજરાતમાં આની સામે આંખ આડા કાન કરવામાં આવતા હતા, પરંતુ હાલની રૂપાણી સરકારે ગુજરાતમાં દસમા ધોરણ સુધી ગુજરાતી ભાષા ફરજિયાત કરવાનો નિર્ણય જાહેર કરતાં માતૃભાષા પ્રેમીઓમાં ખુશીની એક લહેર દોડી ગઈ છે. હજુ તો આ સારા સમાચારને આપણે પચાવીએ તે પહેલાં જ ગુજરાત સરકારે એક અભૂતપૂર્વ નિર્ણય લીધો છે. માર્ગ અકસ્માતમાં ઘાયલ થનારાઓ માટે ૪૮ કલાક સુધી તેમ જ રૂ. પચાસ હજાર સુધીની સારવાર સરકારી ખર્ચે કરવામાં આવશે. જો ઈજા પામેલ વ્યક્તિને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હશે તો પણ તેને આ સહાય મળશે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે ઈજા પામેલ વ્યક્તિની આવકને આ સહાય માટે ધ્યાનમાં લેવામાં આવશે નહી. તેમ જ ઈજા પામેલ વ્યક્તિ ક્યા રાજ્યનો છે, ક્યા ધર્મનો છે કે કઈ જાતિનો છે તે પણ જોવામાં આવશે નહીં. સહુને એકસરખી મદદ કરાશે. આ યોજનાને કારણે માર્ગ અકસ્માતમાં ઈજા પામનારાઓને જરૂરથી રાહત મળશે. ઉપરોક્ત બંને નિર્ણય માટે ગુજરાતની ભાજપ સરકારની સરાહના કરો તેટલી ઓછી છે. છાશવારે ભાજપને જાતિવાદી કે કોમવાદી પક્ષ ગણીને તેની ઉપેક્ષા કરતાં મીડિયાએ ભાજપની સરકારના આવા અભૂતપૂર્વ નિર્ણયની નોંધ પણ નથી લીધી. કેમ કે ઈલેક્ટ્રોનિક માધ્યમોને ટીઆરપી વધારવા માટે જોઈતો મસાલો આ સમાચારમાં મળે તેમ નથી.

## ઓરિએન્ટલ પર્લ્સ અને ટોનિનો લમ્બોરગીનીએ મલ્ટી-મિલિયન ડોલરનો સોદો કર્યો




અપસ્કેલ લિવિંગ સ્પેસના અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલોપર ઓરિએન્ટલ પર્લ્સએ લાઈફસ્ટાઇલ એકસેસરીઝ અને લેવિસ (વૈભવી) ડિઝાઇન હોસ્પીટાલીટી પ્રોજેકટસને સમર્પિત ઈટાલિયન કંપની ટોનિનો લમ્બોરગી એસ.પી.એ. સાથે દુબઈમાં તેના રિઅલ એસ્ટેટ ડેવલોપમેન્ટમાં ટોનિનો લમ્બોરગીની બ્રાન્ડીગ, ફિલોસોફી અને વેલ્યુસ (મૂલ્યો) નો ઉપયોગ કરવા માટે આઇકોનિક મલ્ટી મિલિયન ડોલરના કરાર કર્યા છે.

આ એકસકલુઝિવ કરાર અંતર્ગત ટોનિનો લમ્બોરગીની તેના સુપ્રસિદ્ધ અને શ્રેષ્ઠ માપદંડોનો ઉપયોગ દુબઈના મેયદાનના એક જીલ્લામા વિકસીત કરવામાં આવી રહેલ રોયલ પર્લ્સ માસ્ટર પ્લાન કોમ્યુનિટીની લકઝરી, એકસકલુઝિવીટી અને કસ્ટમાઇઝેશન માટે કરશે. ટોનિનો લમ્બોરગી એસ.પી.એસ.એ લમ્બોરગીની પરિવારના વારસો દ્વારા સ્થાપિત એક ઈટાલી સ્થિત કંપની છે. તેમના પરિવારની પરંપરાઓ અને વારસાને જાળવી રાખતા ૧૯૮૧ માં શ્રી ટોનિનો લમ્બોરગીની એ વિશિષ્ટ ઈટાલિયન સ્ટાઇલ અને ટેસ્ટને પ્રોત્સાહન આપવા માટે લકઝરી ડિઝાઇન પ્રોડકટસની વ્યાપક શ્રેણીઓ સાથે લાઈફસ્ટાઇલ એક્સપીરિયન્સ બ્રાન્ડનું નિર્માણ કર્યુ હતું. આ ભાગીદારી દ્વારા, ટોનિનો લમ્બોરગીનીએ રોયલ પર્લ્સને દુબઈમાં રિઅલ એસ્ટેટ સેકટરમાં ટોનિનો લમ્બોરગીની બ્રાન્ડનો ઉપયોગ કરવાના એકસકલુઝીવ રાઈટસ (હક્કો) ૧૦ વર્ષો માટે આપ્યા છે. (૧૩-૫)

## દુબઈ : રોકાણ માટે સલામત અને આકર્ષક બજાર



પ્રથમ વખત રિયલ એસ્ટેટમાં રોકાણ કરવું મુશ્કેલ બની શકે છે, ખાસ કરીને પહેલી વખત ખરીદનારો માટે. જો કે, રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પણ એક વિશાળ મિલકત હોઈ શકે છે, અને એક સ્થિર આવક સ્ત્રોત પણ હોઈ શકે છે. તેથી, જ્યારે કેટલાંક પોઈન્ટ કે જ્યાં દરેકને ધ્યાનમાં રાખવાની જરૂર છે ત્યાં રોકાણ કરવું જોઇએ.

રોકાણની અલ્ટિમેટ સિક્યુરિટી, રોકાણ પર હાઈ ઈન્વેસ્ટમેન્ટ, હાઈ કેપિટલ એપ્રેસિએશન, સ્થાન અને ઉપલબ્ધતા કી, તમે રોકાણ કરો છો તે સ્થળાંતર અને કનેક્ટીવીલી, ગ્રેટ હેલ્થ ફેસિલીટીસ

ઉપરમાંથી, સૌથી મહત્વનો મુદ્દો તે દેશ છે કે જેમાં તમે તમારી મહેનતની કમાણી કરી રહ્યાં છો તે સુરક્ષિત હાથમાં હોવું જોઇએ. આ પ્રદેશમાં વેપાર, પરિવહન અને સંસ્કૃતિ માટેનું વૈશ્વિક કેન્દ્ર છે. તે સલામત, વૈવિધ્યસભર અને ગગનચુંબી ઈમારતો, ચળકતી ઈમારતો અને ફાઈવ સ્ટાર હોટેલ દ્વારા વિકસતા જતા મહાનગર તરીકે વિકસાવવામાં આવે છે. દુબઈમાં રિયલ એસ્ટેટ માર્કેટમાં ઘણાં નાગરિકો, ખાસ કરીને ભારતીયમાં રોકાણમાં થયેલા તાજેતરના ઉછાળાના કારણે તે સૌથી નોંધપાત્ર કારણોમાંનું એક છે.

આ રિપોર્ટમાં યુએઈના નાણાંની આયાત માટેના પ્રયત્નોની પણ પ્રશંસા કરવામાં આવી છે કે જે કુદરતી સ્ત્રોતો પર આધાર રાખતું નથી, તેનાથી વ્યવસાય અને લેઝર પ્રવાસીઓને આકર્ષવા માટે અનન્ય પર્યાવરણ બનાવવામાં આવ્યું છે. તેથી, યુએઇ વૃદ્ધિના એક નવા તબક્કાના થ્રેશોલ્ડ પર છે જે ફક્ત ચાર દાયકાના વધુ સારા ભાગ માટે જ તેલની આવકના જથ્થા પર આધાર રાખે છે. (૧૯-૧૦)

# યુએસ-ઈરાનની સમજૂતીમાં ભંગાણ

ઈરાન સાથે ૨૦૧૫માં થયેલી પરમાણુ સમજૂતીથી અમેરિકાને પોતાને અલગ કરી લીધું છે. ડીલ રદ કર્યા બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫માં ઈરાન સાથે સંકળાયેલા આર્થિક સબંધોમાં જે નિયમો હતા તે ફરીથી લાગુ કરવામાં આવશે. ટ્રમ્પના આ નિર્ણયથી ભારત પર પણ દબાણ વધશે. ડીલ રદ થવાથી ભારત પર પણ સીધી અસર થવાથી ઘરેલું બજારમાં કેટલીક ચીજવસ્તુઓ મોંઘી થશે. આવો જોઈએ ભારતમાં કઈ વસ્તુઓ મોંઘી થશે.

આ નિર્ણયથી તરત જ આંતરરાષ્ટ્રીય સ્તર પર કાચુ તેલ મોંઘુ થઈ ગયું છે. જો સરળ શબ્દો સમજીએ તો ભારતને કાચુ તેલ ખરીદવા માટે વધુ પૈસા ચૂકવવા પડશે. ઘરેલુ બજારમાં પેટ્રોલ અને ડીઝલ વધુ મોંઘા થશે. જેમ કે પેટ્રોલ-ડીઝલને ખરીદવા માટે તમારે વધુ પૈસા ખર્ચવા પડશે. જાણો કાચુ તેલ મોંઘુ થવાથી ભારતના અર્થતંત્ર પર શું અસર થાય છે.

આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્રતા આવવા પર ઓઈલ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરી શકે છે, જેથી સામાન્ય લોકોની મુશ્કેલીઓ વધેશે. ડીઝલના ભાવ વધતા જ્યાં માલ ભાડુ ખર્ચાળ થશે, પબ્લિક ટ્રાન્સપોર્ટની કિમત પણ વધશે. તેનાથી ફળ, શાકભાજી અને રાશન વગેરેની કિંમતોમાં ઝડપથી વધારો થશે. આ ઉપરાંત હવાઈ ઈંધણ એટીએફ (એર ટર્બાઈન ફ્યુલો) ભાડામાં વધરો કરવામાં આવી શકે છે.

જો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો જળવાઈ રહેશે, તો રાજ્યમાં વેટ ઘટાડવા માટે દબાણ વધી શકે છે. ભારત ક્રૂડનો મોટો ઈમ્પોર્ટર દેશ છે અને જરૃરિયાતનું ૮૫ ટકા ક્રૂડ ઈમ્પોર્ટ્સ કરે છે. જેમ કે ક્રૂડ ખર્ચાળ છે તો ઈમ્પોર્ટ બૅલના રૂપમાં સરકારને વધુ પૈસા ચૂકવવા પડે છે. ઓઈલ ઈમ્પોર્ટ ખર્ચાળ થવાથી દેશના સરકારી ખજાના પર અસર થશે.

છેલ્લાં ૧૦ મહિનાથી ક્રૂડ ખર્ચાળ થઈ ગયુ છે, જેનાથી ક્રૂડનું ઈમ્પોર્ટ બીલ પણ વધી રહ્યુ છે. એપ્રિલ-ફેબ્રુઆરી દરમિયાન ભારતનુ ક્રુડ ઈમ્પોર્ટ બીલ ૨૫ ટકા વધીને ૮૦૭૦ કરોડ ડોલર થઈ ગયું. પેટ્રોલિયમ પ્લાનીગ એન્ડ એલાલિસ સેલના આધારે ભારતમાં ૧૧ મહિનામાં ભારતના ગ્રોસ ઈમ્પોર્ટ બીલ ૨૫ ટકા વધીને ૯૧૦૦ કરોડ ડોલર થઈ ગયુ છે. એપ્રિલ-ફેબ્રુઆરી દરમિયાન ભારતના એવરેજ ૫૫.૭૪ ડોલર પ્રતિ બેરલ કિંમત પર ક્રૂડ ઑઈલનું ઈમ્પોર્ટ કર્યુ , જયારે ૨૦૧૬-૧૭ માં આ આંકડો ૪૭.૫૬ ડોલર હતુ.

જીડીપી પર થાય છે નેગેટિવ અસર- ઈકોનોમિક સર્વેમાં જણાવાયું છે કે ક્રૂડ ઓઈલની પ્રોડક્ટ ફાઈનાન્સિયલ યર ૨૦૧૯માં ૧૨ ટકા વધશે. જો આમ થાય છે કે દેશના ઈકોનોમી પર તેની અસર દેખાશે. સર્વે મુજબ ક્રૂડ ઓઈલમાં દર ૧૦ ડોલરની વૃદ્ધિમાં જીડીપી ૦.૩ ટકા ઘટી શકે છે, જ્યારે ખાદ્યપદાર્થોના ભાવ પણ ૧.૭ ટકા ઊંચી હોઈ શકે છે.

## સોની દ્વારા વર્ક ફલો માટે ફાસ્ટ સ્પીડ ધરાવતી 3.1 Gen ફ્લેશ ડ્રાઈવ લાઈન-અપની રજૂઆત




**નવી દિલ્હી,** વર્તમાન સમયની ડેટા શેરીગની માંગને અનુસરીને સોની ઈન્ડીયાએ આજે ઝડપથી ડેટા શેરીગ અને ટ્રાન્સફર માટેની ભારતમાં બનાવેલી તદ્દન નવી USM-BA2, USM-CA2 અને USM-MX3 યુએસબી ફ્લેશ ડ્રાઈવની રજૂઆત કરી છે.

મેટલીક અને ઘસારા મુક્ત (એન્ટી કોરોસીવ) સુપર સ્પીડ 3.1 Gen 1

આ ત્રણે મોડલ મેટલીક એન્ટી કોરોસીવ છે અને 3.1 Gen 1 સુપર સ્પીડ સાથે સુસંગત છે આના કારણે વ્યક્તિના પર્સનલ કોમન્પ્યુટરમાંથી મોટી મિડીયા ફાઈલો ટ્રાન્સફર કરવાનું કામ સેકન્ડોમાંથઈ જાય છે અને અસરકારક વર્કફોલો પ્રાપ્ત થાય છે. આ યુએસબી ફ્લેશ ડ્રાઈવ ગ્રાહકોની જરૂરિયાત પૂરી કરવા માટેની સોનીની ઝડપી અને ટકાઉ ડિવાઈસિસ રજૂ કરવાની નિષ્ઠા દર્શાવે છે.

કોમ્પેકટ, પાતળી તથા મેટલબોડી ડિઝાઈન

તેની મેટલ બોડી ધરાવતી પાતળી ડિઝાઈન પોસાય તેવી કિંમતે સ્ટાઈલ રજૂ કરે છે અને કોઈ પણ ડેટા ની સુરક્ષા કરી શકે તેટલી ટકાઉ છે. આ ઉપરાંત આ યુએસબી ફ્લેશ ડ્રાઈવ ટાઈટ સ્પેસમાં ઉપયોગ કરવા માટે શ્રેષ્ઠ રહે છે.અને સાથે જોડાયેલા પોર્ટનોસંપર્ક આસાનીથી થઈ શકે છે.

USM-MX3 સિરીઝ નાનકડી અને વાપરવામાં સુગમતા ધરાવતી યુએસબી ફ્લેશ ડ્રાઈવ છે જેના મેટલિક ફિનિશ્ટ પાર્ટસને કારણે યુએસબી ફ્લેશ ડ્રાઈવની આંગળીઓ દ્વારા પકડ આસાન બની રહે છે,

આ લેટેસ્ટ સિરીઝ સ્ટેપ હોલ અને મેટલ પ્લાસ્ટિક ગ્રીપથી પણ સજ્જ છે જેથી આસાનીથી સાથે લઈ જવાય છે. (૧૯-૧)

## નાયકા એ મેટ ટુ લાસ્ટ લિકવિડ લિપસ્ટીક લોન્ચ કરી




ભારતનું અગ્રણી બ્યુટી રિટેલર નાયકા.કોમ એ તેના બ્યુટી પ્રોડકટસના ઈન-હાઉસ કલેકશન નાયકા બ્યુટીમાં સમકાલિન ભારતીય મહિલાઓની ભાવનાઓના સમ્માનની ઉજવણી કરતા મેટ ટુ લાસ્ટ લિકવિડ લિપસ્ટીક લોન્ચ કરી છે. ભારતના મુંબઈ, દિલ્લી, હૈદરાબાદ, આઈટી હબ બેંગ્લોર, જયપુર, અમૃતસર, સૂરત, ચેન્નાઈ (મદ્રાસ), કોલકત્તા અને ગૌહાત્તી એવા દસ શહેરોની સંસ્કૃતિથી પ્રેરિત અને ઈટાલીમાં નિર્મિત આ કલેકશનમાં દસ ભવ્ય લિકવિડ લિપસ્ટીક છે. હૈદરાબાદથી પ્રેરિત રોયલ હયુ 'બેગમ' (શાહી રંગછટા) કે અમૃતસરની વાઈબ્રન્ટ 'કુડી' કે ચેન્નાઈની મજેદાર 'મદ્રાસ કોપી' માંથી પસંદગી કરો.

ઘરેલુ બજારમાં વિકસિત નાયકા ટ્રેન્ડ લીડર છે અને ભારતીય સંસ્કૃતિની વાઈબ્રન્ટ અને અનોખી પરંપરાઓની ઉજવણી કરતા ગ્રાહકો સાથે ઘનિષ્ટ સંબધોનું નિર્માણ કરતી પ્રોડકટસનું નિર્માણ કરે છે. નાયકા બ્યુટી પ્રોડકટસના પ્રત્યેક પ્રોડકટની જેમ જ મેટ ટુ લાસ્ટ પણ ગ્રાહકોના પ્રતિભાવોને સાંભળીને વિકસીત કરવામાં આવી છે. તેના પ્રકારના પ્રથમ પ્રોજેકટમાં, નાયકાએ આ પ્રોડકટ પોર્ટફોલિયો દ્વારા ભારતના દસ શહેરોની સમકાલીન ભારતીય મહિલાઓના મૂડ અને લાગણીઓનું સમ્માન કર્યુ છે. નાયકાએ આ પ્રોડકટ પોર્ટફોલિયો માટે સંસ્કૃતિના સમૃદ્ધ વારસા સાથે કલરના વધારે શેડ ધરાવતા જીવંત વ્યકિતત્વવાળા શહેરોની પસંદગી કરી છે. (૧૩-૫)

## વ્હિસલિંગ વૂડ્ઝ ઈન્ટરનેશનલે ૨૦૧૮ માટે પ્રવેશ પરીક્ષાની જાહેરાત કરી

પ્રવેશ પરીક્ષાનો બીજો રાઉન્ડ એપ્રિલ ૨૦૧૮માં સફળતાપૂર્વક પૂરો થયા બાદ એશિયાનાં અગ્રગણ્ય ફિલ્મ, કોમ્યુનિકેશન અને ક્રિએટિવ આર્ટ ઈન્સ્ટિટ્યૂટ વ્હિસલિંગ વૂડ્ઝ ઈન્ટરનેશનલે પોતાનાં ફૂલ ટાઈમ ડિગ્રી અને ડિપ્લોમા કોર્સની પ્રવેશ પરીક્ષાનાં ત્રીજા રાઉન્ડની તારીખો ૨૨ મેથી ૨૪ મે , ૨૦૧૮ જાહેર કરી છે.

આ સંસ્થા દ્વારા આપવામાં આવતાં ડિગ્રી અને ડિપ્લોમાના અભ્યાસક્રમો તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સિસ દ્વારા માન્ય છે.

જે વિદ્યાર્થીઓ ફિલ્મ, મીડિયા અને કોમ્યુનિકેશન્સનાં ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા હોય તેઓ આ અભ્યાસક્રમો માટે અરજી કરી શકે છે અહીં બીએસસી/બીએ ઈન ફિલ્મ મેકિંગ, બીએ ઈન સ્ક્રીનરાઈટિંગ, બીએસસી/બીએ ઈન એનિમેશન ફિલ્મ મેકિંગ, બીએસસી/બીએ ઈન વીડિયો ગેમ ડિઝાઈન, બીએ ઈન એક્ટિંગ, બીએ ઈન ફેશન ડિઝાઈન, બીએ ઈન વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈન, બીએ ઈન મ્યુઝિક પ્રોડક્શન એન્ડ કમ્પોઝિશન, બીબીએ ઈન મીડિયા એન્ડ કોમ્યુનિકેશન અને પીજીડી ઈન મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટના અભ્યાસક્રમો ચાલે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ એડવાન્સ ડિપ્લોમા ઈન ફિલ્મ મેકિંગ વિથ સ્પેશ્યલાઈઝેશન, એડવાન્સ ડિપ્લોમા ઈન એક્ટિંગ અને ડિપ્લોમા ઈન સ્ક્રીન રાઈટિંગ જેવા અભ્યાસક્રમો માટે પણ અરજી કરી શકે છે.

મુંબઈના ગોરેગાંવ ઈસ્ટ ખાતે આવેલાં વ્હિસલિંગ વૂડ્ઝ ઈન્ટરનેશનલના ફિલ્મ સિટી કેમ્પસ ખાતે આ પ્રવેશ પરીક્ષા યોજવામાં આવશે.

હોલિવૂડ રિપોર્ટર દ્વારા આ સંસ્થાને દેશની ટોચની ૧૦ ફિલ્મ સ્કુલ પૈકીની એક ગણાવવામાં આવી છે. આ સંસ્થાના ૧૬૦૦ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિવિધ મીડિયા હાઉસ, ફિલ્મ અને ફેશન ઉદ્યોગ સાથે કામ કરે છે. અહી વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતના નિષ્ણાતો પાસેથી શીખવાનો લાભ તો મળે જ છે તદ્દુપરાંત સંસ્થામાં રહેલાં આધુનિક સાધનો અને સુવિધાઓનો ઉપયોગ કરવાનો લાભ પણ મળે છે. તેના કારણે વિદ્યાર્થીઓને બહાર કામ કરવામાં કોઈ જ તકલીફ નથી પડતી. -

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.

## આઈડીબીઆઈ બેંકે માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ બેઝ લેન્ડિંગ રેટ (એમસીએલઆર)માં વધારો કર્યો

**મુંબઈ,** આઈડીબીઆઈ બેંકે તેનાં માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ્સ બેઝ લેન્ડિંગ રેટ (MCLR)માં નીચે મુજબ સુધારો કર્યો છે:

| મુદ્દત | MCLR (%માં ) |
|---|---|
| ઓવરનાઇટ | 8.00 |
| એક મહિનો | 8.10 |
| ત્રણ મહિના | 8.35 |
| છ મહિના | 8.45 |
| એક વર્ષ | 8.65 |
| બે વર્ષ | 8.70 |
| ત્રણ વર્ષ | 8.80 |

ઉપરોક્ત સંશોધિત દરો ૧૨ મે, ૨૦૧૮થી લાગુ થઈ ગયા છે.

બેંકે તમામ મુદતમાં એમસીએલઆરમાં ૦૫ બીપીએસથી ૧૦ બીપીએસનો વધારો કર્યો છે.(૧)

## એફબીબી કલર્સ ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૧૮ ના વેસ્ટ ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી



એફબીબી કલર્સ ફેમિના મિસ ઈન્ડિયા વેસ્ટ ૨૦૧૮ પેજન્ટ ૧૩ મે, ૨૦૧૮ ના રોજ હયાત રીજન્સી પૂણેમાં યોજાયો હતો. ભારતના સૌથી પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય સૌંદર્ય પ્રસાધનો પશ્ચિમ ઝોન - મિસ ઈન્ડિયા રાજસ્થાન, મિસ ઈન્ડિયા ગુજરાત, મિસ ઈન્ડિયા ગોવા અને મિસ ઈન્ડિયા મહારાષ્ટ્રના ૪ રાજ્યોના વિજેતાઓને એફબીબી કલર્સના ગ્રાન્ડ ફિનાલેમાં સીધી પ્રવેશ મેળવવાની આજીવન તક આપે છે. જે ૨૦ મી જૂનના રોજ મુંબઈમાં યોજાશે। વિજેતાઓમાં રાજસ્થાનના નિકિતા સોની, ગુજરાતની અનુષ્કા લુહર, ગોવાથી આશા ગુરવ અને મહારાષ્ટ્રના મહેક પંજાબીનો સમાવેશ થાય છે.

દરેક ઝોનની એક સેલિબ્રિટી માર્ગદર્શકની આગેવાની કરશે, જે તેમના અનુભવને માર્ગદર્શન અને શેર કરતી વખતે તેમના સંબંધિત ઝોનમાંથી શ્રેષ્ઠ પ્રતિભાને નક્કી કરવા અને પસંદ કરવાની જવાબદારી આપવામાં આવે છે.પશ્ચિમ ઝોન માટે કાર્યવાહીનો હવાલો લેવા માટે વિખ્યાત ભારતીય અભિનેત્રી પૂજા હેગડે નો સમાવેશ કરાયો છે. (૧૩-૯)

## ધર્મના આયામ

ધર્મનો પાયો વિશ્વાસ પર ટકેલો હોય છે, તર્ક પર નહી. ધર્મ સંબંધી વાતોમાં તર્ક ન કરવો જોઈએ. એ તો મોટા-મોટા બુદ્ધિમાનોના બુદ્ધિતત્ત્વનો નિચોડ છે. ધર્મ માનવ-જીવનની એ આચાર સંહિતા છે, જે આપણને કર્તવ્યપાલનની શિક્ષા આપી છે અથવા વ્યષ્ટિ જીવનને સમષ્ટિમાં વિલીન કરવાનો આદેશ આપે છે. ધર્મ એવો જ છે, જેવું આકાશ. ધર્મ જિંદગી જીવવાની એ રીત છે બધા લોકો, બધો સમાજ, બધા મતાવલંબી સર્વોત્કૃષ્ટિ સ્વીકાર કરે છે. ધર્મને તમામ મતમતાંતર સુખની પ્રાપ્તિનું બુનિયાદી કારણ માને છે. ધર્મ માટે તમામ સંપ્રદાયવાળા ઉપદેશ આપે છે કે વિશ્વની સર્વોત્કૃષ્ટ વસ્તુને છોડીને ધર્મનું આચરણ કરો. બધા જ જ્ઞાની, મહાત્મા અને સંત, ચાહે તે કોઈપણ ધર્મગ્રંથોને સ્વીકાર કરનાર હોય, એ જ શિક્ષણ આપે છે કે ધર્મથી સુંદર કશું જ આ સંસારમાં નથી. કેટલાક લોકોનો મત છે કે ધર્મ ધારણ કરી લેવાથી મનુષ્ય દેવતા બની જાય છે. ગીતા, વેદ અને ઉપનિષદ અનંત કાળથી આપણને ધર્મોપદેશ આપતા આવ્યા છે. ધર્મનો સિદ્ધાંત છે - ખુદને પૂર્ણ સ્વાધીન રાખવા. જીવનમાં જે કંઈ પણ સાર છે, તે ધર્મ છે. ધર્મ માત્ર આત્મા-પરમાત્માનો સંબંધ સ્થાપિત કરનાર નથી, બલ્કે આપણા તમામ કાર્યો, વ્યવહાર, કરુણા, સ્નેહ, ક્રોધ, દયા, ત્યાગ, તપ વગેરેનો બોધક પણ છે. તેના જ સહારે તમામ માનવ વ્યાપાર-વ્યવહાર થાય છે અને સમસ્ત માનવવૃત્તિઓ પોતાનું કાર્ય કરે છે. માત્ર આ જ એક એવો માર્ગ છે, જ્યાં સમરસતા આવી જાય છે. તમામ એક સૂત્રમાં બંધાઈ જાય છે. ધર્મનું સૌથી મોટું સાધન આત્મમર્યાદા છે.

આત્મ મર્યાદાનું સોપાન આત્મગૌરવ છે અને આત્મગૌરવનો આધાર સદાચાર છે. આત્મમર્યાદા એક એવું ધન છે, જે સંપદા અને વિપદા બંનેમાં સદૈવ સમાન રહે છે. આ ઐશ્વર્યથી જે સમૃદ્ધ છે તે અભ્યુદયની મોહ-મદિરાથી ચલાયમાન થતા નથી. માતા સીતાજી તેનું આદર્શ સ્વરૂપ છે, જેમનું હિમાલય જેવું અચલ હૃદય અને સમુદ્ર જેવું ગંભીર મન વનવાસનો કષ્ટ સહન કરતાં પણ આત્મ મર્યાદાથી વિમુખ ન થયું.

## ગુજરાતમાં રિટેલર્સ સાથે હોરાનાં સિગ્નેચર આઉટલેટ લોંચ થયાં




ટ્રેન્ડી એસેસરીઝ પસંદ કરતી યુવા પેઢી માટે સારાં સમાચાર છે. "ફ્રેશ એન્ડ ફન" ફેશન બ્રાન્ડ હોરાએ અમદાવાદમાં પોતાનો સટોર શરૂ કર્યો છે. હોરા સ્વદેશી, ગુણવત્તા ગુણવત્તા સંચાલિત બ્રાન્ડ છે, જે પોતાનાં વાઈબ્રન્ટ એસેસરી કલેક્શન સાથે જવાબદાર સ્ટાઈલ પ્રદાન કરે છે. તેનું પુરુષો અને સ્ત્રીઓ માટે ઘડિયાળોનું લક્ઝરિયસ કલેક્શન ઘણી વિવિધ સ્ટાઈલ ધરાવે છે. હોરા ટોટેસ, હેન્ડબેગ, લેપ્ટોપ બેગ અને વોલેજની રેન્જ ધરાવે છે, જે પુરુષ અને સ્ત્રી બંનેને પસંદ પડે તેવી છે.

આ આઉટલેટનાં લોંચ પર હોરા લક્ઝરીનાં સ્થાપક-ડિરેક્ટર શ્રી પરિમલ મહેતાએ કહ્યું હતું કે, "હોરા શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત, હાઈ-એન્ડ અને લક્ઝરિયસ છતાં વાજબી અને નવીન ઉત્પાદનો ધરાવે છે અને અમને અમદાવાદ અને તેની આસપાસ રહેતાં લોકો માટે અમારો રિટેલ સ્ટોર્સ ખોલવાની ખુશી છે."

તમને હોરાનું કલેક્શન ધ શોપ્પ-વડોદરા, મેજેસ્ટિક કનક, રાજીવ પ્લાઝા, રામ બાગ સામે, થલતેજ અને રાજ સ્ટેશનર્સ, સુરેન્દ્ર મંગળદાસ રોડ, આંબાવાડી, અમદાવાદમાં જોવા મળશે.

તમારાં માટે કે મિત્રો અને પરિવારજનો માટે પરફેક્ટ ગિફ્ટ આપવા ટ્રેન્ડી એક્સેસરી મેળવવા સ્ટોરની મુલાકાત લો! અમારી દરેક પ્રોડક્ટમાં સચોટ હસ્તકાળ સાથે લેટેસ્ટ ટ્રેન્ડ અને ઈન્ટરનેશનલ સ્ટાઈલ જોવા મળે છે, જેમાં સ્ટાઈલ, ગુણવત્તા અને કારીગરીનો શ્રેષ્ઠ સમન્વય જોવા મળે છે. હોરા દરેક પીસમાં તમને પરફેક્શન આપે છે, જે સુનિશ્ચિત કરે છે કે દરેક એસેસરી તમારી જરૂરિયાત પૂર્ણ કરવા માટે કાળજીપૂર્વક બનાવવામાં આવી છે. (૪)

## સુસ્ત સુધારા

એ ઠીક નથી કે કેટલાંય રાજ્યો રાશન પ્રણાલીમાં સુધાર મુદ્દે અપેક્ષિત ઉત્સાહ નથી દર્શાવી રહ્યાં. તેમાં ભાજપ કે તેના સહયોગી પક્ષોના શાસનવાળા રાજ્યો પણ સામેલ છે, પરંતુ તથ્ય એ છે કે રાશનની દુકાનોને પોઈન્ટ ઓફ સેલ એટલે કે પીઓએસ મશીનોથી સજ્જ કરવામાં જે રાજ્યો પાછળ છે, તેમાં ઉત્તર પ્રદેશ, બિહાર અને અસમની પણ ગણતરી થઈ રહી છે. આ સ્થિતિ ત્યારે છે જ્યારે કેન્દ્ર સરકાર સતત એના પર ભાર મૂકી રહી છે કે તમામ રાજ્યો પાત્ર લોકોને જ રાશન આપવાનું સુનિશ્ચિત કરવા માટે રાશનની દુકાનોમાં પીઓએસ મશીનો લગાવે. રાજ્ય સરકારે એનાથી અજાણ ન હોઈ શકે કે રાશન પ્રણાલી હજુ પણ ખામીઓથી મુક્ત નથી થઈ શકી. રાશન પ્રણાલીમાં વ્યાપ્ત ભ્રષ્ટાચારની ખબર એના પરથી પડે છે કે જ્યારે રાશન કાર્ડોની તપાસનું અભિયાન ચાલ્યું તો લગભગ બે કરોડ રાશન કાર્ડ નકલી જોવા મળ્યાં. દેખીતું છે કે બે કરોડ લોકોના હિસ્સાનું રાશન અપાત્ર કે ભ્રષ્ટ તત્ત્વો પાસે જઈ રહ્યું હતું.

## સ્ટારવુડ ડેવલપર્સ લીમીટેડ

નોંધણી કૃત કાર્યાલય, પ્લોટ નં.૫૪, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
ધનુધ્યોગ સહકારી સંઘ લી, દાદરા એન્ડ નગર હવેલી
સિલવાસા - DN 000000 IN
ઈ-મેલ : Carahulsinghvi@gmail.com
CIN NO. U 179999 DN1994 PLC 000060
Before the Central Government,
North Western Region, Ahmedabad.
કંપની ધારા ૨૦૧૩, કંપની ધારા ૨૦૧૪ ની કલમ ૧૩(૩) અને કંપની (નોંધણી) નિયમો ૨૦૧૪ ના નિયમ ૩૦(૬) (એ) બાબતમાં
અને
મેસર્સ સ્ટારવુડ ડેવલપર્સ લીમીટેડ,પ્લોટ નં.૫૪, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ધનુધ્યોગ સહકારી સંઘ લી, દાદરા એન્ડ નગર હવેલી ની બાબતમાં...
પીટીશનર

**નોટીસ**

આથી આ નોટિસ જનરલ પબ્લિકને આપવામાં આવે છે કે કંપનીએ કંપની ધારા ૨૦૧૩ ની કલમ ૧૩ હેઠળ કેન્દ્ર સરકાર ને તારીખ ૧૩ મી નવેમ્બર ૨૦૧૭ ના રોજ યોજાયેલ વાર્ષિક સભા/ખાસ સાધારણ સભા ના સ્પેશ્યલ ઠરાવ થી કંપની તેની નોંધણીકૃત કાર્યાલય, પ્લોટ નં. ૫૪, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ધનુધ્યોગ સહકારી સંઘ લી, દાદરા એન્ડ નગર હવેલી, સિલવાસા DN 000000 IN ગુજરાત રાજ્ય, ખાતે થી ભોંયતળીયે, સંઘવી સદન,૮૬,વિ.ઈ. હાઈવે, ગોરેગાંવ, વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૬૩, મહારાષ્ટ્ર સ્ટેટ માં બદલવા માટે કેન્દ્ર સરકારને અરજી કરવાની દરખાસ્ત કરે છે.કોઈ પણ વ્યક્તિ કે જેનું હિત કંપની ની રજીસ્ટર્ડ ઓફિસના સૂચિત ફેરફાર થી અસર થવાની શક્યતા હોય તે, કયાં તો MCA21 પોર્ટલ www.mca.gov.in પર રોકાણકાર તરીકે ફરિયાદ ફોર્મ દાખલ કરી શકે અથવા રજીસ્ટર્ડ પત્ર ધ્વારા રીજીયોનલ ડાયરેક્ટર નોર્થ વેસ્ટર્ન, રીજીયોનલ આર.ઓ.સી. ભવન, રૂપલ પાર્ક સોસાયટી ની સામે, અંકુર ચાર રાસ્તા, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ની ઓફીસે અને જેની નકલ અરજદાર ને કંપની ની તેના નોંધણી કૃત કાર્યાલયમાં સ્ટારવુડ ડેવલપર્સ લી. પ્લોટ નં. ૫૪, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ધનુધ્યોગ સહકારી સંઘ લી. દાદરા એન્ડ નગર હવેલી સિલવાસા DN 000000 IN આ નોટીસ પ્રસીધ્ધ થયાની તારીખ થી ચૌદ દિવસમાં મોકલી શકે છે.

બોર્ડ સ્ટારવુડ ડેવલપર્સ લીમીટેડ
ના વતી અને તરફે.
સહી મનોજ સરાફ
ડાયરેક્ટર
ડીન નં. ૦૧૭૩૨૬૪૪

## એમિરેટસ ઉજવે છે દમ્મામનાં ૨૫ વર્ષ




**અમદાવાદ,** વિશ્વની સૌથી મોટી ઈન્ટરનેશનલ એરલાઈન એમિરેટ્ટસ તેનાં દમ્મામનાં ૨૫ વર્ષની ઉજવણી કરી રહી છે. શરૂઆતમાં સપ્તાહની ૨ ફલાઈટ ચલાવતી એમિરેટસ હવે દમ્મામ અને એમિરેટસના હબ દુબઈ વચ્ચે દૈનિક ૪ ફલાઈટનું સંચાલન કરે છે. ૧૯૯૩માં દમ્મામ સર્વિસ શરૂ કરવામાં આવી ત્યારથી એરલાઈન અત્યાર સુધીમાં ૩.૮ મિલિયન પ્રવાસીઓને સફર કરાવી ચૂકી છે.

એમિરેટસના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ ગલ્ફ, મિડલ ઈસ્ટ અને ઈરાન આદિલ અલ ગૈથ જણાવે છે કે "અમે દમ્મામ સુધીની સર્વિસનાં ૨૫ વર્ષ મનાવી રહ્યાં છીએ ત્યારે અમે એક સાચા સિમાચિન્હ સુધી પહોંચ્યા છીએ. સાઉદી અરેબિયા પ્રદેશ એ એમિરેટસ માટે મહત્વનું બજાર છે અને અમે દમ્મામની સાથે સાથે કેએસએના પૂર્વ વિભાગને બિઝનેસ તથા લેઈઝર બંને માટે ટુરિસ્ટને ગ્લોબલ કનેક્ટિવીટી પૂરી પાડવાનું ગૌરવ અનુભવીએ છીએ.અમે આ બજાર માટે કટિબધ્ધ છીએ અને કેએસએમાં ગ્રાહકોને શક્ય તેટલી ઉત્તમ સર્વિસ પૂરી પાડીને ઈન્ડસ્ટ્રી પાર્ટનર સાથે ઘનિષ્ઠપણે કામ કરવા માટે આશાવાદી છીએ."

દમ્મામમાં એમિરેટસની ટીમ વધીને ૧૪ કર્મચારીની થઈ છે, જ્યારે સાઉદી અરેબિયન રાષ્ટ્રીયતા ધરાવતા ૬૬ લોકો ગ્રુપમાં કામ કરે છે. (૧૯-૧)

## MAITRI ENTERPRISES LIMITED

**(Formerly Known as PARTH ALLUMINIUM LIMITED)**
**(CIN:-L45208GJ1991PLC016853)**
**"Gayatri House", Ashok Vihar, Near Maitri Avenue Society Opp. Govt. Eng. College, Motera, Sabarmati, Ahmedabad – 380005**
**Contact Details: + 91 79 27506840**
**Email: compliance@maitrienterprises.com**
**Website: www.maitrienterprises.com**

**NOTICE**

**Notice** is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing and Obligations Requirements) Regulations, 2015, a meeting of the Board of Directors (01/BM/2018-19) of the Company will be held on **Wednesday, May 23, 2018** at the Registered Office of the Company at **04.00 p.m.** to consider and approve inter alia, audited Financial Results of the Company for the Quarter and Year ended on 31st March, 2018 and to transact the other businesses mentioned in the Board Meeting Notice.

The said notice is also available on the website of the Company at www.maitrienterprises.com and on the website of Stock Exchange where shares of the Company are listed i.e. www.bseindia.com

**By Order of the Board**
**Sd/-**
**RAMESHLAL B. AMBWANI**
**Chariman**
**(DIN: 02427779)**

Place: **Ahmedabad**
Date: **14.05.2018**

## AMARNATH SECURITIES LIMITED

**CIN NO. L67120GJ1994PLC023254**
Regd. Office : Sarthak 1/104, Opp. City Centre, Nr, Swastik Cross Road, Navrangpura, Ahmedabad-9.
www.amarnathsecurities.com
Corporate Office : B 207, CITI Point, Nr. Kohinoor Hotel, J B Nagar, Andheri-59

**AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2018**

(Amount in Rupees)

| Sr. No. | Particulars | Quarter ended | | | Year ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31.03.2018 (Audited) | 31.12.2017 (Unaudited) | 31.03.2017 (Audited) | 31.03.2018 (Audited) | 31.03.2017 (Audited) |
| 1 | Revenue from operations | 936,090 | 2,688,115 | 872,445 | 5,435,031 | 3,425,195 |
| | Other income | - | - | - | - | - |
| | **Total revenue** | **936,090** | **2,688,115** | **872,445** | **5,435,031** | **3,425,195** |
| 2 | **Expenses** | | | | | |
| | Employee benefits expense | 162,450 | 150,000 | 138,700 | 517,450 | 516,502 |
| | Depreciation and amortization expense | 23,949 | 23,949 | 35,800 | 95,796 | 143,200 |
| | Other expenses | 404,668 | 160,126 | 137,534 | 792,767 | 972,425 |
| | **Total expenses** | **591,067** | **334,075** | **312,034** | **1,406,013** | **1,632,127** |
| 3 | **Profit/(Loss) from ordinary activities before tax** | **345,023** | **2,354,040** | **560,411** | **4,029,018** | **1,793,068** |
| 4 | **Tax expense:** | | | | | |
| | (1) Current tax | 154,618 | 539,241 | 238,195 | 1,111,089 | 602,920 |
| | (2) Earlier year's Tax | - | - | - | - | - |
| | (3) MAT Credit Availed | - | - | - | - | - |
| | (4) Deferred tax | (2,614) | 5,487 | (16,842) | (3,401) | (21,856) |
| 5 | **Profit/(Loss) from ordinary activities after tax** | **193,019** | **1,809,312** | **339,058** | **2,921,330** | **1,212,004** |
| 6 | **Other Comprehensive Income (OCI)** | | | | | |
| | Item that will be reclassified to profit or loss | | | | | |
| | Gain/(Loss) on recognised on fair valuation of Financial Assets | - | - | - | - | - |
| | Income tax relating to these items | - | - | - | - | - |
| | **Total Other Comprehensive Income (OCI)** | - | - | - | - | - |
| | **Profit/(Loss) for the Period** | **193,019** | **1,809,312** | **339,058** | **2,921,330** | **1,212,004** |
| | Paid up Equity Share Capital (Face Value of Rs. 10 each) | 30,002,000 | 30,002,000 | 30,002,000 | 30,002,000 | 30,002,000 |
| 7 | **Earning Per Share ( EPS ) (Not annualised)** | | | | | |
| | (1) Basic | 0.06 | 0.60 | 0.11 | 0.97 | 0.40 |
| | (2) Diluted | 0.06 | 0.60 | 0.11 | 0.97 | 0.40 |

**Notes:**

1. The above Financial Results which are published in accordance with the regulation 33 of the Securities and Exchange Board Of India (Listing obligations & Disclosure Requirements) Regulations, 2015 have been reviewed and recommended by Audit Committee and has been approved by the Board of Directors at its Meeting held on Monday, 14th May, 2018.
2. The company has adopted Indian Accounting Standard (Ind AS) effective from 1st April' 2017 (Transition date being 1st April' 2016) and accordingly the financial results for the quarter ended 31st March, 2018 have been prepared in accordance with the recognition and measurement principles laid down in Ind As-34 Interim Financial Reporting prescribed under section 133 of the Companies Act' 2013, the results for the quarter ended 31st March, 2017 are also Ind AS compliant and have not been subject to limited review or audit. However, management has exercised necessary due diligence to ensure that financial results provide true and fair view.
3. Reconciliation of the financial results, between number previously reported (referred to IGAAP) and Ins- AS for period ended:-

| Particulars | Quarter Ended 31.03.2018 |
|---|---|
| Net profit for the period under previous Indian GAAP | 339,058 |
| Gain/(Loss) on recognised on fair valuation of Financial Assets | - |
| Tax theron | - |
| Net profit for the period as per Ind AS | 339,058 |

4. The company has only one business segment.
5. Previous quarter figures have been regrouped /reclassified whereever necessary, to make them comparable.

**For Amarnath Securities Limited**
**Sd/-**
**Hitesh Ruke**
**Whole-Time Director**
**DIN: 07752179**

**Place: Mumbai**
**Dated: 14th May, 2018**